**ફોજદારી કેસ નં. ૫૭૫૪/૨૦૨૨**

## આંક–૧ લગત હુકમ

આ કામે આરોપી વિરૂધ્ધ પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. આરોપી હાજર થતા સદરહું ગુનો કબુલ કરી ગરીબ તથા કુટુબ ધરાવતા હોવાનું જણાવે છે. આરોપી સદરહુ ગુનો કબુલ કરતા હોય આરોપીની કબુલાત સ્વૈચ્છીક જણાય આવે છે. કાયદાનો હેતુ ગુનાને ડામવાનો છે, ગુનેગારને ડામવાનો નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટે નટવરજી કરમચંદજી ઠાકોર વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદામાં ઠરાવેલ છે કે, જો સંજોગો હોય તો માન્ય સજાના ધોરણ કરતા પણ મામુલી સજા કરવા કોર્ટ સક્ષમ છે. આમ, આરોપીને સુધરવાની તક મળે તથા સજા અંગેની જોગવાઈ અંગેના નામદાર મુદ્દામાલ દારૂ નાશ પાત્ર હોય અપીલ પીરીયડ બાદ ધોરણસર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. ગુજરાત હાઈકોર્ટનો નટવરજી કરમચંદજી ઠાકોર વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદાના માર્ગદર્શક સિંધ્ધાતોને ધ્યાનમાં લઈ તથા આરોપીની રજુઆત તથે કેસના સંજોગો લક્ષે લેતાં તથા ગુનાનો પ્રકાર અને સ્વરૂપ લક્ષે લેતાં આ કામે દંડ કરવો ન્યાયોચીત જણાતું હોય તથા આરોપીએ ગુનાની સ્વૈચ્છીક કબુલાત કરેલ હોય તેઓને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચ પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

### હુકમ

આ કમના આરોપી **જયેશભાઈ સન/ઓ પરવીનભાઈ ચુનારા**ને ભારતીય ફોજદારી કાર્યવાહી ધારાની કલમ–૨૪૮ અન્વયે પ્રોહી. એકટ કલમ–૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં દોષિત ઠરાવીને રૂ.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા) નો દંડ અને જો દંડ ન ભરે તો દિન–૦૫ ની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરૂં છું.

મુદ્દામાલ દારૂ નાશ પાત્ર હોય અપીલ પીરીયડ બાદ ધોરણસર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ રોજ તા. ૧૩ માહે–મે, સને ૨૦૨૩ ના રોજ રાખવામાં આવેલ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૩/૦૫/૨૦૨૩
*D.J.Vaniya/P.A.*

**(ભદ્રેશ હસમુખલાલ ગાંધી)**
બીજા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, અમદાવાદ(ગ્રામ્ય)
જજ કોડ નં. જીજે૦૦૯૫૭